



**શું પાઈપેક દ્વારા કેન્સર મટી શકે છે?**

હાલમાં પાઈપેક કેન્સરના ચિન્હો અને કેન્સરનું ભારણ ઘટાડવા માટે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત ઘણાં કિસ્સામાં પેટમાં જોવા મળતી ગાંઠ તદ્દન જતી રહે છે અથવા તે સંકોચાઈને ઓપરેશન દ્વારા બહાર લાવી શકે છે. આ થેરાપી દ્વારા દર્દી લાંબુ જીવન જીવી શકે છે.

**શું પાઈપેક દ્વારા બધા જ દર્દીઓને લાભ મળી શકે?**

દર્દીઓ જે પથારીવશ હોય અને ભોજન લઈ શકતા ના હોય તેઓને આ થેરાપી દ્વારા પોષણ મળી રહે છે.


**પાઈપેક થેરાપીની આડઅસર શું છે?**

ઘણી વખત દર્દીને પેટમાં દુઃખાવો, ઉલ્ટી-ઉબકા અને લીવર અને કીડનીની કામગીરીમાં અસંગતતા જોવા મળે છે. જે થોડાં જ દિવસોમાં સામાન્ય થઈ જાય છે. આ થેરાપીની બીજી કોઈ જ મોટી આડઅસર નથી.

**હાઈપેક અને પાઈપેક કેવી રીતે અલગ છે?**

હાઈપેક એ સર્જરી દરમ્યાન કરવામાં આવતી પ્રક્રિયા છે જેમાં કીમોથેરાપીની દવાના હાઈડોઝનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયા ફક્ત એક જ વખત કરવામાં આવે છે.

પાઈપેક એ લેપ્રોસ્કોપીક પ્રક્રિયા છે જેની એક કરતા વધારે વખત જરૂર પડે છે. આમાં અપાતી દવાનો ડોઝ પ્રમાણમાં ઓછો હોય છે.




Zydus Hospitals Cancer Centre

**ઝાયડસ કેન્સર સેન્ટર**
ઝાયડસ હોસ્પિટલ રોડ, એસ. જી. હાઇવે, થલતેજ, અમદાવાદ - 380 054, ગુજરાત.
**T:** 079 6619 0201, 079-71 666 000 (Board) | **Toll Free:** 1800 123 5433




# ડિપાર્ટમેન્ટ ઓફ સર્જીકલ ઓન્કોલૉજી

## HIPEC | PIPAC

**અત્યાધુનિક હાઈપેક અને પાઈપેક પદ્ધતિ દ્વારા સ્ટેજ-4 કેન્સરની સારવાર આપતું ગુજરાતનું સૌથી અનુભવી યુનિટ**

Zydus Hospitals Cancer Centre

# અમારા સ્પેશ્યાલિસ્ટ




**ડિપાર્ટમેન્ટ ઓફ પેરીટોનીયલ સરફેસ ઓન્કોલૉજી**

**ડૉ. અદિતી ભટ્ટ**

MS, M.Ch,
GI, Gynec & Peritoneal Surface Oncology


**“120થી વધુ હાઈપેક-પાઈપેક સર્જરી કરનાર ડૉ. અદિતી ભટ્ટ ભારતના મુખ્ય ડૉક્ટર્સમાંથી એક છે જે પેરીટોનીયલ સરફેસ ઓન્કોલૉજીની સૌથી વધારે સર્જરીનો અનુભવ ધરાવે છે.”**

ડૉ. અદિતી ભટ્ટ ભારતના મુખ્ય ડૉક્ટર્સમાંથી એક છે જે પેરીટોનીયલ સરફેસ ઓન્કોલૉજીની સર્જરી કરે છે, જે પેટના ભાગમાં થતું ચોથા સ્ટેજનું કેન્સર કહેવાય. પહેલાના સમયમાં આવા કેન્સરની ફક્ત કીમોથેરાપી દ્વારા સારવાર શક્ય હતી જેનાથી દર્દીનું આયુ જુજ મહીના સુધી જ વધતું, પરંતુ હવે HIPEC-PIPAC દ્વારા માત્ર દર્દીનું આયુષ્ય વધે છે પરંતુ અમુક વખતે દર્દીને બીમારીમાંથી પૂરેપુરુ બહાર પણ લાગી શકાય છે.

ડૉ. અદિતી ભટ્ટે ફ્રાન્સના ખૂબજ પ્રખ્યાત કેન્સર સેન્ટરમાંથી HIPEC સર્જરીની તાલીમ લીધેલ છે. તેમને ભારતના જુજ પ્રથમ ડૉક્ટર્સમાંથી એક છે જેમને આવી સર્જરીની શરૂઆત કરેલ છે અને તેઓ ૧૫૦ થી વધારે સર્જરીનો અનુભવ ધરાવે છે.

તેઓએ ભારતના બીજા ડૉક્ટર્સને આ સર્જરીની તાલીમ આપવા વર્કશોપ કરેલ છે તેમજ HIPEC-PIPAC ઉપર બુક પણ લખેલ છે અને ઘણા રીસર્ચ પેપર્સ પણ આપેલ છે.

ઝાયડસ હૉસ્પિટલમાં અમારી પાસે ગુજરાતનું પહેલું સમર્પિત ડિપાર્ટમેન્ટ છે જ્યાં પેરીટોનીયલ સરફેસ ઓન્કોલૉજી HIPEC-PIPACની સારવાર આપી શકાય છે. આથી સર્જરી માટે મેડીકલ ઓન્કોલૉજી, એનેસ્થેશીઓલૉજી અને ઈન્ટેસીવ કેર, રેડીયોલૉજી પેથોલૉજી જેવી સ્પેશ્યાલીટીના સપોર્ટની પણ જરૂર પડે છે, જે અહિં ફુલટાઈમ ઉપલબ્ધ છે.

આ સર્જરી ખર્ચાળ છે તેમજ સ્ટેજ-૪ના કેન્સરના દર્દી કે જેમણે પહેલેથી ખાસો ખર્ચો કરેલ હોય તેના માટે બોજારૂપ બની શકે છે. ઝાયડસ હૉસ્પિટલમાં આ સર્જરી વ્યાજબી દરે ઉપલબ્ધ છે.

# HIPEC

**(ચોથા સ્ટેજ)નું પેરીટોનીયલ કેન્સર**

### પેરીટોનીયલ કેન્સર એટલે શું?

પેરીટોનીયલ કેન્સર એટલે પેટના ભાગનું એવું કેન્સર જે પેટ અને પેટના બીજા અંગો જેવાં કે લીવર અને આંતરડામાં હોય છે. કોઈપણ પ્રકારનું કેન્સર પેટમાં પ્રસરી શકે છે. જેને પેરીટોનીયલ કેન્સર કહેવાય છે.

સામાન્ય રીતે અંડાશય, મોટું આંતરડુ, પેટ, અને એપેન્ડીક્સનું કેન્સર પેટનાં ભાગમાં ફેલાય છે. પેરીટોનીયલ કેન્સર એ ચોથા સ્ટેજનું કેન્સર છે.

### પેરીટોનીયલ કેન્સરની સારવાર કઈ રીતે થઈ શકે છે?

સામાન્ય રીતે કીમોથેરાપી દ્વારા પેરીટોનીયલ કેન્સરની સારવાર કરી શકાય છે. એડવાન્સ્ડ ટ્રીટમેન્ટ જેવી કે સાઈટોરીડક્ટીવ સર્જરી (CRS) અને હાઈપરથરમીક ઈન્ટ્રાપેરીટોનીયલ કીમોથેરાપી (HIPEC) દ્વારા દર્દીનું જીવન લંબાવી શકાય છે અને અમુક દર્દીને બચાવી પણ શકાય છે.

### હાઈપેક એટલે શું?

હાઈપેક એટલે હાઈપરથરમીક ઈન્ટ્રાપેરીટોનીયલ કીમોથેરાપી. આ પદ્ધતિમાં કીમોથેરાપી દ્વારા પેટના ભાગમાં ૩૦ થી ૯૦ મિનીટ માટે હાઈટેમ્પરેચર ઉપર ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

### શું હાઈપેક એ સર્જરી છે?

હાઈપેક સર્જરી વખતે કરવામાં આવે છે, સર્જરી દરમ્યાન સાઈટોરીડક્ટીવ સર્જરી (CRS) દ્વારા કેન્સરની ગાંઠને કાઢવામાં આવે છે અને ત્યારબાદ કીમોથેરાપી ડ્રગને પેટનાં ભાગમાં પ્રસરાવવામાં આવે છે. જેનાથી 1-2mm ના કદની ગાંઠને તોડી શકાય છે. માઈક્રોસ્કોપીક ગાંઠને રીતે પણ તોડી શકાય છે.

### આ થેરાપીની કેટલીવાર જરૂર પડી શકે છે?

સામાન્ય રીતે હાઈપેક એક જ વખતમાં સર્જરી દરમ્યાન જ કરવામાં આવે છે. જે દર્દીઓને કેન્સર ઉથલો મારે એવા કેસમાં બીજી વખત કરવાની જરૂર પડે છે.

### સાઈટોરીડક્ટીવ સર્જરી (ઝઇજી) એટલે શું?

પેટના ભાગમાંથી કેન્સરની ગાંઠ કાઢવાની સર્જરીને સાઈટોરીડક્ટીવ સર્જરી (CRS) કહે છે. આ પદ્ધતિનો મુખ્ય હેતુ દરેક ગાંઠને મૂળમાંથી કાઢવાનો છે. આ પદ્ધતિમાં પેટના જે ભાગમાં ગાંઠ હોય તે ભાગને બહાર કાઢવામાં આવે છે. ગાંઠને મૂળમાંથી કાઢવા માટે જરૂર પડે તો મોટુ આંતરડુ, નાનુ આંતરડુ, પીત્તાશય, લીવર અને સ્વાદુપિંડ જેવા ભાગને પણ કાઢવુ પડે છે. આ હાઈપેક પહેલા કરવામાં આવતી મહત્વની સર્જરી છે. ગાંઠને મૂળમાંથી કાઢવું એ ગાંઠના કદ અને સર્જનની આવડત પર નિર્ભર કરે છે.


### શું હાઈપેક એ હાઈરીસ્ક સર્જરી છે?

સાઈટોરીડક્ટીવ સર્જરી (CRS) અને હાઈપેક એ ખૂબ જ જટીલ સર્જરી છે, બીજી બધી સર્જરી કરતા આમાં જોખમ વધારે હોય છે. હાઈપેક પછી ૧૫-30% દર્દીમાં જ જોખમ વધવાની સંભાવના હોય છે. ઈન્ફેક્શન, લોહીનું વહી જવું જેવા જોખમો હાઈપેક પછી પણ આવી શકે છે. હાઈપેકમાં અમુક જોખમો એકદમ ચોક્કસ હોય છે. જેવાં કે

- કીમોથેરાપી વખતે આંતરડાના ભાગમાં લીકેજ થવું
- છાતી અને ફેફસાની દિવાલ વચ્ચે પ્રવાહી ભરાઈ જવું. આવા કેસમાં સર્જન સર્જરી બાદ થોડા દિવસ માટે એક એવી ટ્યુબ (થોરાસીક ડ્રેઈન) મુકે જેનાથી બધુ પ્રવાહી બહાર કાઢી શકાય.
- કીમોથેરાપી દરમ્યાન વપરાયેલ દવા અને તેના અપાયેલ ડોઝ દ્વારા પણ અમુક જોખમો આવી શકે છે.

### શું હાઈપેકનું જોખમ લેવું યોગ્ય છે?

સાઈટોરીડક્ટીવ સર્જરી (CRS) અને હાઈપેક જ એવી પદ્ધતિ છે, જેનાથી પેરીટોનીયલ કેન્સરની સારવાર કરી શકાય છે અને



દર્દીનું જીવન લંબાવી શકાય છે. જે દર્દી આ પદ્ધતિનો લાભ ઉઠાવી શકતા હોય તેમણે નિષ્ણાંતની યોગ્ય સલાહ જરૂર લેવી.

મોટા ભાગે દર્દીને આ પદ્ધતિ દ્વારા સારી ટ્રીટમેન્ટ મળે છે અને પોતાનું જીવન પહેલાંની જેમ જીવી શકે છે.

જ્યારે નિષ્ણાંત સર્જન દ્વારા આ સર્જરી કરાય છે ત્યારે જોખમનું પ્રમાણ ઓછુ હોય છે. એપેન્ડીક્સનું કેન્સર, સુડોમાઈક્ષોમા પેરીટોનીયા, મેસોથેલીયોમા અને અંડાશયના કેન્સરના દર્દીઓએ હાઈપેકનું જોખમ લેવું ઉત્તમ છે. દરેક દર્દી માટે જોખમનું પ્રમાણ અલગ-અલગ હોય છે. જેથી સર્જન, દર્દી અને તેમના ઘરના લોકોને નિર્ણય લેવા માટે યોગ્ય સલાહ અને હાઈપેકના ફાયદાનું સંપૂર્ણ જ્ઞાન આપે છે. જે યોગ્ય નિર્ણય લેવામાં મદદ કરે છે.

# PIPAC

આ એક નવી પદ્ધતી છે જેમાં કીમોથેરાપી એડવાન્સ કેન્સરગ્રસ્ત ભાગને આપવામાં આવે છે, જ્યારે પાઈપેકમાં સીધા જ કેન્સરથી પ્રભાવીત અંગને કીમોથેરાપી આપવામાં આવે છે.

### આ ટ્રીટમેન્ટની શું જરૂરીયાત છે?

જે દર્દીઓને પેરીટોનીયલ કેન્સર હોય છે તેઓનું આયુષ્ય ખુબ જ ઓછુ હોય છે. આ ઉપરાંત પેટમાં પ્રવાહી ભરાવાથી ભોજન લઈ શકતા નથી. આ પદ્ધતીથી દર્દીના આયુષ્યમાં વધારો કરી શકાય છે.

### પાઈપેક કેવી રીતે કામ કરે છે?

પાઈપેકમાં ખાસ મશીન દ્વારા વરાળ ઉત્પન્ન કરવામાં આવે છે. આ મશીનને “કેપ્નોપેન” કહેવાય છે. આ પ્રક્રીયા દુરબીનથી કરવામાં આવે છે. આના દ્વારા પેટની જગ્યામાં દબાણ વધારવામાં આવે છે. જેનાં પરિણામે દવાનું વધારે સારુ એકત્રીકરણ થાય છે અને કેન્સરના કોષો પર વધારે સારી અસર કરે છે. આમાં ઓછી દવાનો ઉપયોગ ખુબ જ નહીવત આડઅસર સાથે થાય છે. રીસર્ચ અનુસાર આ કીમોથેરાપી નસ દ્વારા અપાતી કીમોથેરાપી જેટલી જ અસરકારક છે.

### પાઈપેકના ફાયદાઓ શું છે?

આ ખુબ જ સામાન્ય પ્રક્રીયા છે, જેમાં ૧-૨ દિવસનું જ હૉસ્પિટલમાં રોકાણ જરૂરી છે. આ થેરાપીની આડઅસર નહીંવત છે અને દર્દી ખૂબ જ ઝડપી સાજુ થાય છે. જ્યારે સામાન્ય કીમોથેરાપી દર્દી દ્વારા લેવા છતાં પણ પરિણામ ના મળે ત્યારે આ થેરાપીની મદદ લઈ શકાય છે. છ અઠવાડિયાના અંતરે પાઈપેક થેરાપી લઈ શકાય છે. સામાન્ય કીમોથેરાપીના ૧૦માં ભાગની દવાનો ઉપયોગ કરીને આ થેરાપી કરી શકાય છે. પાઈપેક રૂટીન કીમોથેરાપીની સાથે-સાથે પણ સારા પરિણામ લાઈ શકે છે.

### પાઈપેક થેરાપીથી કયા કયા દર્દીઓને ફાયદા થઈ શકે છે?

પાઈપેક થેરાપી અંડાશય, મોટુ આંતરડુ, પેટ અને એપેન્ડીક્સના કેન્સરમાં લઈ શકાય છે. જે દર્દીઓને પેટમાં પ્રવાહી ભરાતુ હોય અને કીમોથેરાપી થી ફાયદો ના થતો હોય તે દર્દીઓ પાઈપેક થેરાપી લઈ શકે છે. પાઈપેક થેરાપીથી જે દર્દીઓએ એક કરતાં વધારે પ્રકારની કીમોથેરાપી લીધી હોય તેમને પણ આપી શકાય છે.